રિટેન્શન માટે રૂ. 40 કરોડ આપો : IPL ઓક્શન પહેલા સ્ટાર ખેલાડીઓની માગ

ઘણા ટોચના ખેલાડીઓએ ફ્રેન્ચાઇઝીને તેમની રીટેન્શન ફીમાં નોંધપાત્ર વધારો કરવાની માગ કરી

રિટેન્શન માટે સ્ટાર અને માર્કી ખેલાડીઓ દ્વારા થયેલી મોટી માગથી ફ્રેન્ચાઇઝીઓનું ટેન્શન વધી ગયું

બીસીસીઆઇ દ્વારા પર્સ વધારીને 150 કરોડ કરવામાં આવે તેવી શક્યતાથી ફ્રેન્ચાઇઝી જોખમ લઇ શકે

નવી દિલ્હી, તા. 06 : આગામી આઇપીએલ મેગા ઓક્શન પહેલા, ખેલાડીઓની આસમાને પહોંચતી માગણીઓ તેમની ટીમો માટે માથાનો દુખાવો બની ગઈ છે. ટ્રેડ વિન્ડો અને રિટેન્શનની ધમાલ વચ્ચે, સૌથી ચોંકાવનારા સમાચાર એ છે કે ઘણા ટોચના ખેલાડીઓએ રિટેન થવા માટે રૂ. 40 કરોડની જંગી માગણી કરી છે. આગામી મીની ઓક્શન પહેલા ચાલી રહેલા ટ્રેડમાં મુશ્કેલીઓ પહેલાથી જ સ્પષ્ટ છે, પરંતુ વાસ્તવિક કસોટી ત્યારે થશે જ્યારે ધ્યાન આગામી સાયકલના મેગા ઓક્શન અને માર્કી ખેલાડીઓની રિટેન પર જશે. એક અહેવાલ મુજબ, ઓછામાં ઓછા બે માર્કી ખેલાડીઓએ તેમની



ટીમોને સ્પષ્ટ કરી દીધું છે કે તેમને ફક્ત 40 કરોડ રૂપિયાથી જ સંતોષ થશે. વધુમાં, ઘણા અન્ય ખેલાડીઓ પણ તેમનું અનુકરણ કરી શકે છે, ખાસ કરીને જેઓ માને છે કે તેઓ હરાજીમાં ખુલ્લા બજારમાં પ્રવેશ કરીને વધુ મોટા કરાર મેળવી શકે છે. આ ભારે માંગણીઓમાં ઓછામાં ઓછી એક કેપ્ટનશીપની માંગ છે.

ખેલાડીઓ દ્વારા રીટેન્શન ઓફર નકારવાની અને હરાજીનો વિકલ્પ પસંદ કરવાની પ્રથા નવી નથી. શ્રેયસ ઐયર અને ઋષભ પંત તાજેતરના ઉદાહરણો છે. 2025ના મેગા ઓક્શન પહેલા, બંને ખેલાડીઓએ તેમની ટીમોની રીટેન્શન ઓફર નકારી કાઢી હતી અને ઓપન ઓક્શનમાં પ્રવેશ કર્યો હતો. તે પછી હરાજીમાં પંતને 27 કરોડ અને ઐયરને 26.75 કરોડની જંગી રકમ મળી હતી.

આ મોટી રકમનું મૂલ્યાંકન ફ્રેન્ચાઇઝીઓના કુલ ભંડોળના સંદર્ભમાં કરવું જોઈએ. જ્યારે ઋષભ પંતને 27 કરોડ મળ્યા હતા, ત્યારે ટીમોનું કુલ પર્સ 120 કરોડ હતું. આગામી મેગા હરાજી સુધીમાં આ પર્સ વધીને લગભગ 150 કરોડ થવાની ધારણા છે. જો પર્સ 150 કરોડ સુધી પહોંચે છે, તો 40 કરોડનો કરાર ફ્રેન્ચાઇઝીના કુલ બજેટના 25% થી થોડો વધારે હશે. આ નિ:શંકપણે એક મોટી નાણાકીય પ્રતિબદ્ધતા હશે, પરંતુ પર્સમાં વધારો તેને જોખમ લેવા યોગ્ય બનાવી શકે છે.

આજે બીજી વન ડે

ભારતનો ઈરાદો વિજયયાત્રા જાળવવાનો

વેલિંગ્ટનના ગ્રાઉન્ડ પર ભારતીય ફાસ્ટ બોલરો ફરી ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકવા માટે તૈયાર

પ્રથમ મેચમાં વિકેટવિહીન રહેલા આકિબ નબીના સ્થાને એકમાત્ર ફેરફાર તરીકે સિરાજ સામેલ થઇ શકે

સવારે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સોની સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ સોની લિવ પર





વેલિંગ્ટન, તા. 06 (પીટીઆઈ) : ભારતના બિનઅનુભવી પરંતુ પ્રતિભાશાળી ઝડપી બોલરો આવતીકાલે શનિવારે અહીં રમાનારી બીજી વનડેમાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેન પર ઓલઆઉટ આક્રમણ કરીને સીરિઝમાં સરસાઈને બમણી કરવાનો પ્રયાસ કરશે. આ સીરિઝ શરૂ થતાં પહેલા ભારતના ઝડપી બોલરોના અનુભવના અભાવ પર ઘણા પ્રશ્નો ઉભા થયા હતા પરંતુ ગુરનુર બ્રાર, અંશુલ કંબોજ અને અર્શદીપ સિંહે પ્રથમ મેચમાં યાદગાર પ્રદર્શન કરીને બધાની ધારણા બદલી નાખી.

મુખ્ય કોચ ગૌતમ ગંભીર, જે અત્યાર સુધી ઓલરાઉન્ડરોની પસંદગી પર ભાર મૂકતા હતા, તેમની પસંદગી પણ આના કારણે બદલાતી હોય તેવું લાગે છે. ઇડન પાર્કમાં બાઉન્ડ્રી ટૂંકી અને સીધી હતી, પરંતુ અહીં, બાઉન્ડ્રી ટૂંકી હોવા છતાં, તે ચોરસ આકારની છે જેના કારણે ઝડપી બોલરોએ તેમની લંબાઈ બદલવી પડશે. અર્શદીપ સિંહની આગેવાની હેઠળના ભારતીય ઝડપી બોલરોએ ઓકલેન્ડમાં યજમાન ટીમ પર દબાણ બનાવ્યું હતું પરંતુ અહીંના મેદાનના કદને ધ્યાનમાં લેતા, તેમણે ફુલ-લેન્થ બોલિંગ કરવી પડશે.

અર્શદીપે પહેલી મેચમાં સૌથી વધુ વિકેટ લીધી હતી, પરંતુ કંબોજે 46 ડોટ બોલ ફેંક્યા હતા. તેણે સતત ટેસ્ટ મેચની લંબાઈ પર બોલિંગ કરી, જે ફળ આપતું રહ્યું. ઈડન પાર્કમાં અર્શદીપ અને આકિબ નબીએ બોલિંગની શરૂઆત કરી હતી, પરંતુ કંબોજની બોલિંગની ગતિને જોતાં, તેને નવો બોલ સોંપવામાં આવી શકે છે. ચાર ઝડપી બોલરોમાંથી, ફક્ત નબી જ પ્રથમ મેચમાં વિકેટવિહીન રહ્યા. જો મોહમ્મદ સિરાજ ઉપલબ્ધ હોય તો તેમનું સ્થાન લઈ શકે છે.

પ્રથમ મેચની પહેલી ઓવરમાં આઉટ થયા બાદ, રોહિત શર્મા બેટથી સારી ઈનિંગ્સ રમવાનો પ્રયાસ કરશે. જોકે, તેણે વેસ્ટ ઈન્ડીઝ સામેની ઘરઆંગણેની સીરિઝમાં સારું પ્રદર્શન કર્યું. પહેલી મેચમાં વિરાટ કોહલીએ શાનદાર પ્રદર્શન કર્યું, ઈચ્છા મુજબ બાઉન્ડ્રી ફટકારીને ભારતને લક્ષ્યનો પીછો કરવામાં અને જીત અપાવવામાં મદદ કરી. જોકે, બાકીના ભારતીય બેટ્સમેનોને શોર્ટ બોલથી પરેશાની થઈ હતી અને તેમને પોતાનું પ્રદર્શન સુધારવાની જરૂર પડશે. ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને પણ શોર્ટ બોલ સામે સંઘર્ષ કરવો પડ્યો. કેપ્ટન મિશેલ સેન્ટનરે મેચ પછી સ્વીકાર્યું કે તેઓ ભારતીય ફાસ્ટ બોલરો દ્વારા ઉત્પન્ન થતા વધારાના ઉછાળાને સંભાળી શક્યા નહીં.

ઘાયલ કોનવે ભારત સામેની બાકીની વન ડેમાંથી બહાર, તેના સ્થાને કેલીનો સમાવેશ

વેલિંગ્ટન, તા. 06 (પીટીઆઇ) : ભારત સામેની વન ડે સીરિઝ પહેલા પ્રેક્ટિસ દરમિયાન મેટ હેનરી સાથે અથડાવાથી ઘાયલ થયેલો આક્રમક બેટ્સમેન ડેવોન કોનવે બાકીની મેચોમાંથી બહાર થઇ ગયો છે. કોનવેને પ્રથમ વનડે પહેલા કન્કશન ઈજાને કારણે ઓકલેન્ડની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ન્યૂઝીલેન્ડ ક્રિકેટે એક રિલીઝમાં જણાવ્યું હતું કે, શનિવારની બીજી મેચ માટે ડાબોડી બેટ્સમેન નિક કેલીને તેના સ્થાને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ અથડામણમાં સામેલ હેનરી ઈજામાંથી સ્વસ્થ થઈ ગયો છે અને પસંદગી માટે ઉપલબ્ધ છે. શનિવારથી શરૂ થનારી ભારત A સામેની છેલ્લી ચાર દિવસીય મેચ માટે ટીમમાં કેલીના સ્થાને ઓકલેન્ડના બેટ્સમેન ડેલ ફિલિપ્સની પસંદગી કરવામાં આવી છે.

સૂર્યકુમાર યાદવે પરિવાર સાથે પીએમ મોદી સાથે મુલાકાત કરી



ભારતના ટી-20 વર્લ્ડકપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવે આજે શુક્રવારે પોતાના પરિવારના સભ્યો સાથે અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યો હતો. સૂર્યકુમારની સાથે તેની પત્ની દેવીશા, નવજાત પુત્રી, તેની ભાભી દીક્ષા, તેના સાળા અજય શેટ્ટી અને તેની ભાભીના બે બાળકો રામ અને સરયુ પણ હતા. આ મુલાકાત દરમિયાન, સરયુએ મોદી સામે એક કન્નડ ગીત પણ ગાયું જે વડાપ્રધાનને ખૂબ ગમ્યું. વડા પ્રધાન મોદીએ હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું કે દિવાળીના વાતાવરણમાં રામ અને સરયુનું આગમન થયું છે. આનાથી દિવાળીનું વાતાવરણ વધુ પવિત્ર અને દિવ્ય બન્યું છે.

U-19 એશિયા કપ : સેહવાગ, રાયચંદાનીએ ભારતને નેપાળ સામે જીતાડ્યું

ઇશાન સૂદ અને અર્જૂન રાજપુતની બોલિંગથી નેપાળનો માત્ર 128 રનમાં વિંટો વળ્યો

આર્યમાને નોટઆઉટ 70 અને લક્ષ્ય એ નોટઆઉટ 53 રન ફટકારી ભારતને 19.1 ઓવરમાં 10 વિકેટે જીતાડ્યું



અલ અમેરત (ઓમાન), તા. 06 (પીટીઆઈ) : અંડર-19 એશિયા કપ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં આર્યવીર સેહવાગ અને લક્ષ્ય રાયચંદાનીની નોટઆઉટ અડધી સદીની મદદથી ભારતે આજે શુક્રવારે અહીં નેપાળને 10 વિકેટથી હરાવ્યું હતું. ઈશાન સૂદ (18/3) અને અર્જુન રાજપૂત (8/3) ની શાનદાર બોલિંગને કારણે ભારતે નેપાળને 42.3 ઓવરમાં 128 રનમાં ઓલઆઉટ કરી દીધું. દિગ્ગજ વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીરે નોટઆઉટ 70 અને રાયચંદાનીએ નોટઆઉટ 53 રનની ઈનિંગ રમીને ટીમને 19.1 ઓવરમાં જ આરામથી લક્ષ્ય સુધી પહોંચાડી 185 બોલ બાકી રાખીને જીતાડી હતી. જ્યારે ભારત બેટિંગ કરવા આવ્યું, ત્યારે રાયચંદાનીએ શરૂઆતમાં જ આક્રમકતા બતાવી, પરંતુ પછી આર્યવીરે પોતાનો આક્રમક સ્વભાવ દર્શાવ્યો. તેણે 52 બોલની પોતાની ઈનિંગમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા. રાયચંદાનીની 63 બોલની ઈનિંગમાં સાત ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ભારત તેની આગામી મેચ રવિવારે પાકિસ્તાન સામે રમશે.

ન્યુઝીલેન્ડ-એ સામે આજથી ત્રીજી મેચ, બુમરાહ, જાડેજા, પ્રસિદ્ધ પર નજર

ન્યૂઝીલેન્ડ સામેની આગામી બે ટેસ્ટની સીરિઝ માટે બુમરાહ અને જાડેજા પોતાની તૈયારી મજબૂત બનાવવા માગશે




લિંકન, તા. 06 (પીટીઆઈ) : ન્યૂઝીલેન્ડ એ સામે આવતીકાલે શનિવારથી શરૂ થનારી ત્રીજી અને અંતિમ ચાર દિવસીય મેચમાં ઝડપી બોલર જસપ્રીત બુમરાહ અને પ્રસિદ્ધ કૃષ્ણા તેમજ અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ન્યૂઝીલેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝ માટે પોતાની તૈયારીઓને મજબૂત બનાવવાનો પ્રયાસ કરશે.

બુમરાહ છેલ્લે ત્રીજી ઓક્ટોબરના રોજ એશિયન ગેમ્સની ફાઈનલમાં રમ્યો હતો. ત્યારબાદ વર્કલોડ મેનેજમેન્ટને કારણે તેને મર્યાદિત ઓવરોવી સીરિઝ માટેની ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. 19 નવેમ્બરથી શરૂ થનારી પહેલી ટેસ્ટ પહેલા ન્યુઝીલેન્ડ એ સામેની મેચ દરમિયાન બુમરાહ વેલિંગ્ટનની પરિસ્થિતિમાં ટેવાઈ જવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરશે. હેમસ્ટ્રિંગની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયેલા પ્રસિદ્ધને પણ ટેસ્ટ ટીમમાં જાળવી રાખવામાં આવ્યો છે. તેણે છેલ્લે 30 સપ્ટેમ્બરે ગુવાહાટીમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની વનડે મેચ રમી હતી. સૌરાષ્ટ્ર માટે બે રણજી ટ્રોફી મેચ રમ્યા બાદ જાડેજા ન્યૂઝીલેન્ડ પહોંચ્યો હતો. દેવદત્ત પડિકલ અને ધ્રુવ જુરેલ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં સામેલ છે. યશસ્વી જયસ્વાલ હેગલી ઓવલ ખાતેની પાછલી મેચમાં અણનમ 155 રન બનાવીને ફોર્મમાં પાછો ફર્યો હતો.

સુડોકુ ૭૯૭૪


	૯	૭	૪				૧	૩
૨		૧		૭			૬	
		૮	૯	૩	૧	૨	૫	
	૫			૨			૪	
	૨			૪		૭	૯	૫
	૪	૯		૫	૭		૨	
૩	૭	૫	૨	૯		૬	૮	૧
				૩	૯			
		૪		૧	૬	૫		૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.




શબ્દગુંફન - ૭૨૯૦

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. કાગડાથી સહેજ નાનું લાંબી પૂંછડીવાળું એક પક્ષી (૪)
૩. ફરિયાદ (૨)
૫. માલકી, અમલ, હક (૨)
૬. જંગલમાં પ્રદેશમાં વસતાં આદિવાસી (૫)
૭. આગળ જણાવેલું (૪)
૯. થોડા વાળની સેર (૨)
૧૧. લાયક, વાસણ (૨)
૧૨. ચળકતું, જાહેર (૩)
૧૪. વૃક્ષોની લાંબી હાર (૪)
૧૬. પ્રધાન (૩)
૨૦. સરોવર (૨)
૨૨. એક કંદમૂળ (૩)
૨૪. ભચડાવું, તણાવું (૫)
૨૬. પવન (૨)
૨૭. છોકરીનું એક નામ (૨)
૨૮. મોટી આકૃતિ કે કદવાળું (૪)
૨૯. નીર, પાણી (૨)
૩૦. ભાઈ (૪)
૩૧. આલાપ, ધૂન, મસ્તી (૨)

ઊભી ચાવી
૧. દરિયાઇ, ખડક (૨)
૨. જાણકાર, પંડિત (૩)
૩. જંગલી, વન્ય (૨)
૪. વાપર, ખરચ (૪)
૫. જળવાયુ, આંસુથી ભરેલું (૩)
૬. એક ગ્રહ (૨)
૭. વેદના અભ્યાસનો સમય (૨)
૮. દાંત (૩)
૧૦. ઠોકર, અથડામણ (૩)
૧૧. ઉપકાર (૨)
૧૨. રોજની આવક (૨)
૧૩. નવું, નવીન (૪)
૧૪. ટેક, આબરૂ (૨)
૧૫. દેશ (૨)
૧૭. એક જાતનું કાપડ (૨)
૧૮. પાણી પીવાની ઇચ્છા (૩)
૧૯. ભારવાળું (૫)
૨૦. પંજાબની એક નદી (૪)
૨૧. નજદિક, આજુબાજુ (૪)
૨૩. આયુષ્ય, ઉંમર (૨)
૨૫. ઝાડ (૨)
૨૬. કથા (૩)
૨૮. શરીરની ઊંચાઇ (૨)



આજનું પંચાંગ

તા. 07/11/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: વદ: તેરસ: 10:49 પછી ચૌદસ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-16 **યોગ :** પ્રીતિ
કરણ: વિષ્ટિ **નક્ષત્ર :** ચિત્રા.:- 29:53
રાશિ: કન્યા (પ.ઠ.ણ) 17:17 પછી તુલા (ર.ત.)
દિવસ : અશુભ - કાળી ચૌદસ: શિવરાત્રી
સુરતમાં સૂર્યોદય : 06:46 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:59
નવકારસી : 07:34
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 25 મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીલ ઊલ અવલ માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): હરીફોથી સાવધાન રહેવું. માતાના આરોગ્યની ચિંતા સતાવે. સરકારી કામમાં વિઘ્નો આવે. મન ખુશ રહે.

વૃષભ (બ,વ,ઉ,): મોજ-શોખના ધંધામાં આવક વધશે. પ્રવાસ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. શુભ કામ થાય.

મિથુન (ક,છ,ઘ,): નવા ફેરફારથી કામમા મદદ મળે. તથા ઘરમા નવા સુખ સાધનો આવે. પ્રવાસ થાય.

કર્ક (ડ,હ,): શિક્ષણ ટેક્નોલોજી, દલાલી પ્રવાસને લગતા કામમાં આવક વધશે. મિત્રોનો સાથ મળે. ધર્મ-કર્મ થાય.

સિંહ (મ,ટ,): ઘરમાં ઉત્સાહ જેવું વાતાવરણ રહે. ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. નવા કામ કે નોકરીની યોજના બને.

કન્યા (પ,ઠ,ણ,): ઉત્સવ જેવું વાતાવરણ રહે. ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. નવા કામ કે નોકરીની યોજના બને.

તુલા (ર,ત,): દેવ-દર્શન સમાજ સેવા અને વેપાર-ધંધામાં વ્યસ્ત રહેવાનું બને. આવક વધે. શુભ સમાચાર મળે.

વૃશ્ચિક (ન,ય,): મિત્રો સાથે પરિવારને મદદરૂપ બનશો. ધર્મ-કર્મથી ઘરમાં ઉત્સાહ અને ખુશીનું વાતાવરણ રહે.

ધન (ભ,ધ,ફ,ઢ,): રોજના કામમાં વ્યસ્તતાની સાથે ધાર્મિક પ્રવૃતિ ઘરમાં થાય. ધંધામાં આવક વધે. નવી યોજના બને.

મકર (ખ,જ,): નવી યોજના પાર પડે. ઘરમાં ઉત્સાહ જેવુ ધાર્મિક વાતાવરણ રહે. ભવિષ્યની યોજના બને.

કુંભ (ગ,સ,શ,ષ,): ધર્મ દેવ દર્શન અને આધ્યાત્મિક પ્રવૃત્તિથી મનને શાંતિ મળે. શુભ સમાચાર મળે. આવક બને.

મીન (દ,ચ,ઝ,થ,): ઘરમાં અવરજવર વધે. આવક વધે. ધાર્મિક પ્રવૃતિથી ઘરમાં ખુશીજનક વાતાવરણ રહે.

કોઈ પણ સાલમાં 07 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ આવનાર વર્ષની સફળતામાં મદદ કરનાર રહેશે. નોકરી ધંધામાં ચડતી પડતીની સાથે ટેકનોલોજીનુ જ્ઞાન અને નવુ શીખવા મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવારની મદદ નવા વેપાર-ધંધામાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમા મદદ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને મદદ મળે. ઉમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમા મદદ મળે. સ્ત્રી વર્ગ માટે દોડધામ અને જવાબદારી ચાલુ વર્ષમાં રહેશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણની ચિંતા ઓછી થાય. રોકાણમાં મદદ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઇમાં શનિ-ગુરુવારે 07,16,25 તારીખે નવા કામ કરવા. સફેદ-ગુલાબી રંગનો ઉપયોગ કરતા રહેવું. ઓગસ્ટ સપ્ટેમ્બરમા બુધ-શુક્રવારે 05,14,23 તારીખે નવા કામ ટાળવા. લીલો-લાલ, રંગ ઓછો વાપરવો. ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

અનુસંધાન ... પાના પહેલાનું

દિલ્હીમાં વાહનોને...

અન્ય વકીલોને સાંભળ્યા બાદ બેંચે કહ્યું કે તે સ્ટેટસ રિપોર્ટ અને ચાર્ટની તપાસ કરશે અને કેટલાક નિર્દેશો જાહેર કરી શકે છે. હવાની ગુણવત્તામાં તીવ્ર ઘટાડો થતાં અને તે 'ગંભીર' શ્રેણીની નજીક પહોંચતાં શુક્રવારે રાષ્ટ્રીય રાજધાની પર ધુમ્મસનું ઘાટું પટલ છવાઈ ગયું હતું, જેમાં એકંદર AQI 391 નોંધાયો હતો.

ચોખા મોંઘા થતાં...

વધીને 8.25 ટકા થયો હતો, જે ઓગસ્ટમાં 5.89 ટકા હતો. આ દરમિયાન સરેરાશ રિટેલ ભાવ પ્રતિ કિલો આશરે રૂ. 48.23 રહ્યો હતો, જે એક વર્ષ અગાઉ કરતાં લગભગ 12 ટકા વધુ છે. જો કે, નિષ્ણાતોનું કહેવું છે કે આ સ્થિતિ દેશવ્યાપી સંકટ સમાન નથી. અપૂરતા વરસાદને કારણે 2026-27 માટે ખરીફ ડાંગરનું વાવેતર ક્ષેત્રફળ આશરે 4 ટકા ઘટીને 42.68 મિલિયન હેક્ટર થયું હતું.

ઓબીસી ક્રીમી લેયર...

ફરીથી ખોલવામાં આવશે નહીં. ૧૧ માર્ચે સર્વોચ્ચ અદાલતે સરકારને આ ચુકાદાનો અમલ કરવા માટે છ મહિનાનો સમય આપ્યો હતો, જેને શુક્રવારે વધુ બે મહિના માટે લંબાવવામાં આવ્યો હતો. અદાલતે જણાવ્યું હતું કે બંધારણ અને કોર્ટ દ્વારા નક્કી કરાયેલા સિદ્ધાંતો અનુસાર અનામત અને ક્રીમી લેયરના માપદંડો અંગે પોતાની નીતિ ઘડવા માટે સરકાર સ્વતંત્ર છે. પીઠે કહ્યું, "આ અદાલત પદો વચ્ચે સમાનતા સ્થાપિત કરવા અથવા ક્રીમી લેયર નીતિના નિર્માણમાં હિતધારકોની સલાહ લેવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવા ઈચ્છતી નથી, કારણ કે આ બાબતો કારોબારી અને સંસદના ક્ષેત્રમાં આવે છે." કેન્દ્ર સરકારે તેના ૧૧ માર્ચના ચુકાદાને માત્ર ભવિષ્યની અસરથી જ લાગુ કરવાની માંગ કરી હતી.

ટેસ્લા પોતાની...

'અલ્ટરનેટિવ ફોર જર્મની' પાર્ટીને આપેલા સમર્થનની વ્યાપક ટીકા થઈ હતી. આ વાહનમાં ગુણવત્તા સંબંધિત સમસ્યાઓ પણ સામે આવી હતી, જેના કારણે તેની શરૂઆતના થોડા જ મહિનાઓમાં તેને કેટલીક વાર પાછા ખેંચવા પડ્યા હતા. ભારે ઉત્સુકતા હોવા છતાં, સાયબરટ્રક મોટાભાગના ખરીદદારોને પસંદ ન આવી અને બજારમાં આવ્યાના થોડા જ સમયમાં તેના વેચાણમાં ઘટાડો થવા લાગ્યો. જો કે ટેસ્લા મોડેલ મુજબ વેચાણના આંકડા અલગથી જાહેર કરતી નથી, પરંતુ 'કેલી બ્લૂ બુક'ના અંદાજ મુજબ ૨૦૨૪થી ૨૦૨૫ દરમિયાન સાયબરટ્રકના વેચાણમાં ૪૮%નો ઘટાડો થયો હતો. કેલી બ્લૂ બુક અનુસાર, આ વર્ષના જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન તેનું વેચાણ ૨૮% ઘટ્યું હતું. આ વાહનની બારીઓ તૂટતી નથી તેવો દાવો એક પ્રદર્શન વખતે જ ખોટો પડ્યો હતો અને મસ્કે પોતે ખામીનો સ્વીકાર કર્યો હતો.

SIR ડ્રાફ્ટ યાદીમાંથી...

મતદારોની બૂથવાર યાદીઓ અને બાકાત રહેવાના સંભવિત કારણો સંબંધિત મતદાન મથકો અને સરકારી કચેરીઓ પર પ્રદર્શિત કરવામાં આવશે. પંચે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે તેઓ આ મતદારોને નવા ફોર્મ પૂરા પાડે અને બૂથ લેવલ ઓફિસર્સ (બીએલઓ) દ્વારા ઘરે-ઘરે જઈને અથવા વ્હોટ્સએપ, ઈમેલ અને એસએમએસના માધ્યમથી તેમનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરે. જે મતદારોએ નિવાસસ્થાન બદલ્યું નથી તેઓ ફોર્મ સાથે સ્પષ્ટતા પત્ર રજૂ કરી શકશે, જ્યારે જેઓ રાજ્યની અંદર જ બીજી જગ્યાએ સ્થળાંતર થયા તેમણે સરનામાના પુરાવા સાથે નવું ફોર્મ આપવાનું રહેશે. નિવાસસ્થાનના પુરાવા વગરના બેઘર મતદારો માટે બીએલઓનો ફિલ્ડ વેરિફિકેશન રિપોર્ટ માન્ય ગણવામાં આવશે. અરજીઓની ચકાસણી નિયમો અનુસાર કરાશે અને સ્વીકૃત અરજીઓને અંતિમ યાદીમાં સામેલ કરાશે, જેમાં મતદારોના જૂના એપિક નંબર જળવાઈ રહેશે.

ધનતેરસે દેશમાં...

ડિલિવરીથી રૂ. ૧૦,૦૦૦ કરોડથી રૂ. ૧૨,૦૦૦ કરોડની વચ્ચે આવક પેદા કરી હોવાનો અંદાજ છે. ભારતની સૌથી મોટી પેસેન્જર વાહન ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી આ વર્ષે ધનતેરસ પર આશરે 30,000 વાહનો પહોંચાડવાની અપેક્ષા રાખે છે, એમ મારુતિ સુઝુકીના માર્કેટિંગ અને સેલ્સના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર પાર્થો બેનરજીએ જણાવ્યું હતું. હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરુણ ગર્ગે જણાવ્યું હતું કે કંપની ધનતેરસ દરમિયાન લગભગ 16,000 વાહનો પહોંચાડવાની અપેક્ષા રાખે છે, જે ગયા વર્ષ કરતાં લગભગ 14% વધુ છે. "ધનતેરસ અને દિવાળી એ નવું વાહન ઘર લાવવા માટેના સૌથી શુભ દિવસોમાંના એક છે અને આ વર્ષે પણ અમને ગ્રાહકો તરફથી મજબૂત માંગ જોવા મળી રહી છે. અમે આશરે 16,000 યુનિટ્સ પહોંચાડવાની અપેક્ષા રાખીએ છીએ, જે ગયા વર્ષ કરતા લગભગ 14% વધારે છે," તેમ ગર્ગે જણાવ્યું હતું. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અપેક્ષા રાખે છે કે તેની એક દિવસની ધનતેરસની ડિલિવરી 12,000 યુનિટ્સને વટાવી જશે.

ઓઇલ કંપનીઓ...

સરકારે આક્ષેપ કર્યો છે કે વધુ પડતા ઈથેનોલ મિશ્રણથી વાહનોના ફ્યુઅલ પંપ, ફિલ્ટર અને એન્જિનના ભાગોને ભારે નુકસાન થાય છે તેમજ માઈલેજ પણ ઘટે છે. દેશના 99 ટકા વાહનો 20 ટકાથી વધુ ઈથેનોલ મિશ્રણ સહન કરવા માટે સક્ષમ નથી. કર્ણાટક સરકારે કેન્દ્ર સરકાર પાસે માગ કરી છે કે તમામ પેટ્રોલ પંપ પર ઈથેનોલના ટકા દર્શાવવાનું ફરજિયાત કરવામાં આવે અને પ્રભાવિત વાહનચાલકો માટે વળતર ફંડની વ્યવસ્થા કરવામાં આવે.

આ ઉપરાંત, રાજ્ય સરકારે મોટર સ્પિરિટ એન્ડ હાઇ સ્પીડ ડિઝલ ઓર્ડર, 2005 હેઠળ અધિકારીઓને આકરી કાર્યવાહી કરવાની સત્તા આપી છે. 'મિશન નિકહરા' હેઠળ સરકારે સ્પષ્ટ કર્યું છે કે પ્રજા જે ચૂકવણી કરી રહી છે તેના બદલામાં તેમને શુદ્ધ અને સાચું ઈંધણ મળે તે સુનિશ્ચિત કરવામાં આવશે. રાજ્યભરમાં પેટ્રોલ પંપો પર સતત રેન્ડમ ચેકિંગ કરવામાં આવશે અને તમામ તથ્યો સાર્વજનિક કરાશે.

વિવિધ કંપનીઓમાં મળી આવેલું ઈથેનોલનું પ્રમાણ

પરીક્ષણના પરિણામો મુજબ, HPCLના પેટ્રોલમાં 27 ટકા, BPCLના સ્પીડ પેટ્રોલમાં 26.5 ટકા, નાયારામાં 26.1 ટકા અને શેલ પેટ્રોલમાં 25.5 ટકા ઈથેનોલનું પ્રમાણ મળી આવ્યું હતું. આ ઉપરાંત, BPCLના અન્ય સેમ્પલોમાં 24.2 ટકા અને 22.6 ટકા, HPCLના અન્ય સેમ્પલમાં 22.4 ટકા તેમજ IOCLના સેમ્પલમાં 20.8 ટકા ઈથેનોલ નોંધાયું હતું. મોટર સ્પીરીટ વર્ગમાં બાકીના સેમ્પલોમાં નાયારાના પેટ્રોલમાં 20.6 ટકા, BPCLના એક સેમ્પલમાં 19.9 ટકા, MRPLના સેમ્પલમાં 19.2 ટકા અને શેલના એક સેમ્પલમાં 13.5 ટકા ઈથેનોલનું પ્રમાણ જોવા મળ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે અગ્રણી બળતણ કંપનીઓ પાસેથી લેવામાં આવેલા નમૂનાઓમાં ઈથેનોલનું પ્રમાણ 20 ટકાથી વધુ હોવાનું બહાર આવ્યું છે, જેમાં IOCL અને HPCLમાં અનુક્રમે 31.2 ટકા અને 30.5 ટકા સ્તર નોંધાયું છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

તેજસ્વી આંખો

ગાજર અને આમળા 50 - 50 ગ્રામ લઈ તેનો રસ કાઢી રોજ સવારે પીવો. ચોમાસામાં ડોળીના ફૂલોનું શાક ખાવું. રોજ ત્રિફલા ચૂર્ણ એક ચમચી 100 મીલી પાણીમાં, આખી રાત ભીંજવી, સવારે ગાળી તે પાણીથી આંખ ધોવી. વધેલું પાણી પી જવું.